# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

SGCCI

---

Ref no. PN 2025-26/043 Dt. 12/07/2025

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા એમએસએમઇ ઉદ્યોગ સાહસિકો માટે 'અનલોક ધ ફુલ પોટેન્શિયલ ઓફ એઆઇ ઇન યોર બિઝનેસ' વિષે સેમિનાર યોજાયો

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા એમએસએમઇ ઉદ્યોગ સાહસિકો માટે શુક્રવાર, તા. ૧૧ જુલાઇ ૨૦૨૫ના રોજ સાંજે ૫:૩૦ કલાકે સંહતિ, સરસાણા, સુરત ખાતે 'અનલોક ધ ફુલ પોટેન્શિયલ ઓફ એઆઇ ઇન યોર બિઝનેસ' વિષય પર સેમિનાર યોજાયો હતો, જેમાં Epiphany AI-Tech Private Limitedના ફાઉન્ડર એન્ડ સીઇઓ શ્રી યશ મહેતાએ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ટેકનોલોજીને કેવી રીતે એમએસએમઇ ઉદ્યોગ સાહસિકો પોતાના વ્યવસાયમાં સમાવી શકે અને તેનો વ્યવસાયિક લાભ લઈ શકે તે મુદ્દે ખૂબ જ વાસ્તવિક અને ઉપયોગી માર્ગદર્શન આપ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ ઉદ્યોગ સાહસિકોને સંબોધતા જણાવ્યું હતું કે, આજના ડિજિટલ યુગમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ માત્ર ટેકનોલોજીનો એક ભાગ નથી, પરંતુ MSME ક્ષેત્ર માટે નવી દિશા અને સંભાવનાઓના દરવાજા ખોલે છે. દક્ષિણ ગુજરાતના ઉદ્યોગ સાહસિકો નવી ટેકનોલોજી અપનાવવામાં તત્પર છે અને એઆઇ જેવી ટેકનોલોજીનો ઉપયોગ વ્યાપારિક કાર્યક્ષમતા, ગ્રાહકસેવા અને બજાર વિશ્લેષણમાં વધારો કરવા માટે સમયની જરૂરિયાત બની ગઈ છે.

ચેમ્બરના તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલાએ સ્વાગત પ્રવચનમાં જણાવ્યું હતું કે, દક્ષિણ ગુજરાતનું ઉદ્યોગ જગત ખૂબ જ પ્રગતિશીલ છે. જો MSMEs સમયસર AI જેવી ટેકનોલોજી અપનાવે તો તેઓને વૈશ્વિક

બજાર સાથે જોડાવામાં મોટી સહાય મળી શકે છે. AI માત્ર ઓપરેશનલ ઓટોમેશન પૂરતું મર્યાદિત નથી, પરંતુ સ્ટ્રેટેજિક નિર્ણય પ્રક્રિયા, ગ્રાહક અનુભવ, સેલ્સ મેનજમેન્ટ અને પ્રોડકટ ઈનોવેશન જેવા અનેક ક્ષેત્રોમાં તેનો ઉપયોગ શકય છે. આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ આજના સમયની સૌથી શક્તિશાળી અને પરિવર્તનકારી ટેકનોલોજી છે, જે બિઝનેસ મોડેલને મૂળભૂત રીતે બદલવાની ક્ષમતા રાખે છે.

Epiphany AI-Tech Private Limitedના ફાઉન્ડર એન્ડ સીઇઓ શ્રી યશ મહેતાએ જણાવ્યું હતું કે, એમએસએમઇ ઉદ્યોગો પોતાનું માર્કેટ એનાલિસિસ, કસ્ટમર બિહેવિયર અને ઓપરેશનલ સ્ટ્રકચર સમજવા માટે હવે એઆઇ આધારિત સિસ્ટમોનો ઉપયોગ કરી શકે છે, જેના કારણે વ્યાપારિક નિર્ણયો વધુ ઝડપી રીતે લઇ શકાય છે અને તેનો બિઝનેસમાં લાભ થઇ શકે છે. તેમણે ઉદાહરણો દ્વારા ચેટબોટ, ડેટા એનાલિટિકસ, મશીન લર્નિંગ અને ઓટોમેશન જેવા એઆઇ ટુલ્સ કેવી રીતે એમએસએમઇ સેકટર માટે અસરકારક સાબિત થઈ શકે છે તે અંગે વિસ્તૃત સમજણ આપી હતી. એઆઇનો યોગ્ય રીતે ઉપયોગથી નાના અને મધ્યમ વર્ગના ઉદ્યોગો પણ વૈશ્વિક કક્ષાએ સ્પર્ધાત્મક બની શકે તેમ છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, એઆઇ આધારિત કસ્ટમર ડેટા એનાલિટિકસથી ઉદ્યોગો ગ્રાહકોની જરૂરિયાતો અને પસંદગીઓને સરળતાથી સમજીને ઉત્પાદન સંબંધિત યોગ્ય નિર્ણયો લઇ શકે છે. મશીન લર્નિંગ અલ્ગોરિધમ્સ દ્વારા માર્કેટમાં આવતા બદલાવને ઓળખીને માર્કેટિંગ અને ઉત્પાદનની સ્ટ્રેટેજી તૈયાર કરી શકાય છે. એઆઇ આધારિત ઓટોમેશન પદ્ધતિઓનો ઉપયોગ કરીને ભૂલ ઘટાડી શકાય છે અને ઉત્પાદકતા વધારી શકાય છે. આ ઉપરાંત, સેલ્સ અને સર્વિસ દરમિયાન ૨૪ કલાક ડિજિટલ સહાય માટે ચેટબોટસ અત્યંત અસરકારક છે. વધુમાં તેમણે કહયું કે, એઆઇ ટેકનોલોજી અપનાવવાથી નાના અને મધ્યમ વર્ગના ઉદ્યોગો મર્યાદિત સંસાધનો હોવા છતાં નવી ઊંચાઇઓ હાંસલ કરી શકે છે અને ગ્લોબલ માર્કેટમાં સ્પર્ધાત્મક બની શકે છે.

ચેમ્બરના ગૃપ ચેરમેન શ્રી નિરવ માંડલેવાલાએ કાર્યક્રમની રૂપરેખા આપતા જણાવ્યું હતું કે, એમએસએમઇ એ ભારતના અર્થતંત્રની કરોડરજ્જુ છે. એક અંદાજ મુજબ, વર્ષ ૨૦૨૭ સુધીમાં એઆઇનું પ્રોજેકટેડ માર્કેટ ૧૭ બિલિયન યુએસ ડોલર રહેશે અને તેનો ૨૦ ટકા પ્રમાણે ગ્રોથ થવાની સંભાવના છે. ઉદ્યોગ – ધંધાઓમાં આપણે મેનપાવર પર ફોકસ કરીએ છીએ પણ એઆઇના ઉપયોગ પર ફોકસ કરતા નથી, આથી ઓછા મેનપાવરથી વધારે ગ્રોથ મેળવવા માટે એઆઇનો ઉપયોગ જરૂરી છે.

ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા, માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી અને સુરતના ઉદ્યોગ સાહસિકો સેમિનારમાં ઉપસ્થિત રહયા હતા. ચેમ્બરના ગૃપ ચેરમેન શ્રી બશીર મન્સુરીએ વકતાનો પરિચય આપ્યો હતો. ચેમ્બરની એમએસએમઇ કમિટીના ચેરમેન સીએ મનિષ બજરંગે સમગ્ર સેમિનારનું સંચાલન કર્યું હતું. જ્યારે કમિટી સભ્ય શ્રી પ્રદિપ જોષીએ સેમિનારમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. વકતાશ્રીએ ઉપસ્થિત ઉદ્યોગ સાહસિકોના વિવિધ સવાલોના સંતોષકારક જવાબો આપ્યા હતા અને ત્યારબાદ સેમિનારનું સમાપન થયું હતું.